પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૪૭ ૬ ઓગસ્ટ, ૨૦૨૧, શુક્રવાર; અષાઢ વદ - ૧૩ પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ઐતિહાસિક વિજય : હોકીમાં ૪૧ વર્ષ બાદ મેડલ

**જર્મનીને ૫-૪થી હરાવી ભારતે હોકીમાં બ્રોન્ઝ મેડલ મેળવ્યો : ઓલિમ્પિકમાં ભારતીય પુરુષ હોકી ટીમે ઈતિહાસ સર્જ્યો : એક સમયે ભારત ૩-૨થી પાછળ રહી ગયું હતું પરંતુ ટીમના ખેલાડીઓ જોરદાર લડાયક રમત બતાવીને ટીમને ઐતિહાસિક મેડલની ભેટ ધરી**

ટોક્યો,તા.૫

ટોક્યો ઓલમ્પિકમાં ભારતીય હોકી ટીમે ઈતિહાસ રચી દીધો છે. બ્રોન્ઝ મેડલ માટેના નિર્ણાયક મુકાબલમાં ભારતે જમર્નીને ૫-૪થી હરાવી દીધું છે. ભારતીય ટીમની સરસાઈ ૫-૪થી જઈ ગઈ હતી. આ પહેલા ભારતે બીજા ક્વાર્ટરની સમાપ્તિ પર મુકાબલાને ૩-૩થી બરાબરી પર લાવી દીધો હતો. ભારતને ૪૧ વર્ષ બાદ હોકીમાં મેડલ મળ્યો છે. ગોલ કરીને ટીમને ૩-૧થી સરસાઈ અપાવી હતી. બે ગોલથી પાછળ થયા બાદ ભારતીય ટીમે જોરદાર વાપસી કરી. ૨૭મી મિનિટમાં હાર્દિક સિંહે કોર્નર રોક્યા બાદ શાનદાર ગોલ કર્યો.



એક સમયે ભારત ૩-૨થી પાછળ થઈ ગયું હતું, પરંતુ ભારતે જોરદાર વાપસી કરતાં પોતાને આગળ કરી દીધું. ત્રીજા ક્વાર્ટરની શરૂઆતમાં પેનલ્ટી સ્ટ્રોકને ગોલમાં ફેરવીને જોરદાર વાપસી કરતાં ભારતે ૪-૩થી સરસાઈ મેળઈવી લીધી. તેની થોડી મિનિટો બાદ સિમરનજીતે મેદાની ગોલ કરીને સ્કોર ૫-૩ કરી દીધો હતો. ચોથા ક્વાર્ટરમાં જર્મનીના વિંડેફેડરે પેનલ્ટી કોર્નર પર ટીમને ચોથો ગોલ કરી દીધો હતી. જેને કારણે બ્રોન્ઝ મેડલ માટેના મુકાબલમાં જર્મનીએ ખૂબ જ આક્રમક શરૂઆત કરી. બીજી મિનિટમાં જ જર્મનીના ઉરૂજે ગોલ કરી ટીમને ૧-૦થી સરસાઈ અપાવી દીધી. પહેલા ક્વાર્ટર સુધી જર્મનીની ટીમ ૧-૦થી આગળ હતી. ૧૭મી મિનિટમાં સિમરનજીત સિંહે ગોલ કરીને સ્કોર ૧-૧થી બરાબર કરી દીધો. ત્યારબાદ જર્મની તરફથી ૨૪મી મિનિટમાં નિકોલસ વેલને અને ૨૫મી મિનિટમાં બેનિડિડ ફુર્કેએ બાદમાં ૨૯મી મિનિટમાં હરમનપ્રીતે ગોલ કરીને સ્કોર ૩-૩થી બરાબર કરી દીધો.

બીજા ક્વાર્ટરમાં કુલ ૫ ગોલ થયા. ત્રીજા ક્વાર્ટરમાં પણ ભારતીય ટીમે અટેક ચાલુ રાખ્યો. ૩૧મી મિનિટમાં પેનલ્ટી સ્ટ્રોક પર રુપિંદરપાલ સિંહે ગોલ કરીને સ્કોર ૪-૩ કરી દીધો. ૩૪મી મિનિટમાં સિમરનજીતે પોતાનો બીજો ગોલ કરી સ્કોર ૫-૩ કરી દીધો. ત્રીજા ક્વાર્ટર બાદ ભારતની પાસે ૫-૩ની સરસાઈ હતી.

## મોદીએ મનપ્રિતને કહ્યું, તમારા અવાજમાં આજે દમ લાગે છે

**ઓલિમ્પિકમાં મેડલ પર વડાપ્રધાનના અભિનંદન : ટોકિયોમાં હોકી ટીમે શાનદાર પ્રદર્શન કરીને જીત મેળવી છે, આ ગર્વની ક્ષણ, આત્મવિશ્વાસથી ભરેલું ભારત છે**





નવી દિલ્હી , તા.૫

ઓલિમ્પિકમાં ભારતીય પુરુષ હોકી ટીમે ૪૧ વર્ષ પછી એટલે કે ૪ દાયકા બાદ કમાલ કરી બતાવી છે. ભારતે બ્રોન્ઝ મેડલ માટેની મેચમાં જર્મની સામે ઐતિહાસિક જીત મેળવી લીધી છે. આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટીમને શુભેચ્છા પાઠવી છે. વડાપ્રધાને કેપ્ટન મનપ્રીત સિંહ સાથે ફોન પર વાત કરી હતી. આ પ્રસંગે મોદી કહ્યું તમે ઈતિહાસ બનાવ્યો છે, આજે તમારા અવાજમાં દમ લાગી રહ્યો છે.

વડાપ્રધાન મોદીએ ફોન પર વાત કરીને મનપ્રીત સિંહને કહ્યું, આજે તમારો અવાજ ઊંચો અને સ્પષ્ટ છે, જ્યારે એ દિવસે (જ્યારે બેલ્જિયમ સામે હાર મળી હતી) થોડો ધીમો હતો. વડાપ્રધાન મોદીએ મનપ્રીન સહિત હોકી ટીમે શુભેચ્છા પાઠવીને કહ્યું કે, તમને જીત બદલ શુભેચ્છાઓ, બ્રોન્ઝ મેડલ લઈને ઘરે આવો. આ સિવાય વડાપ્રધાને મુખ્ય કોચ ગ્રાહમ રીડ અને આસિસ્ટન્ટ કોચ પીયૂષ દુબે સાથે પણ વાત કરી છે. સવારે મોદીએ ટ્વીટ કરીને કહ્યું હતું કે, હોકી ટીમની જીત સાથે ભારત પ્રફુલ્લિત, પ્રેરિત અને ગર્વિત થયું છે.

વડાપ્રધાન મોદીએ પોતાના શુભેચ્છા સંદેશમાં લખ્યું હતું કે, ટોકિયોમાં હોકી ટીમે શાનદાર પ્રદર્શન કરીને જીત મેળવી છે, આ ગર્વની ક્ષણ છે. આ નવું ભારત છે, આત્મવિશ્વાસથી ભરેલું ભારત છે. હોકી ટીમને ફરી ખુબ શુભેચ્છાઓ અને શુભકામનાઓ.

## ઓલિમ્પિકમાં રેસલર રવિ દહિયાનો સિલ્વર મેડલ

**ડેબ્યૂ ઓલિમ્પિકમાં સિલ્વર મેડલ જીતવાની સિદ્ધિ મેળવી**

ટોક્યો, તા.૫

ભારતના પુરૂષ રેસલર રવિ કુમાર દહિયા ઈતિહાસ રચવાનો ચુકી ગયો છે. રવિ દહિયાનો ૫૭ કિલો ફ્રી સ્ટાઈલ રેસલિંગ ઈવેન્ટની ફાઈનલમાં રશિયા ઓલિમ્પિક સમિતિના રેસલર યૂગુઈવ ઝાવુરી સામે પરાજય થયો છે. આ પરાજય છતાં રવિ દહિયા સિલ્વર મેડલ કબજે કરવામાં સફળ રહ્યો છે. આ સાથે ટોક્યોમાં ભારતને પાંચમો મેડલ મળ્યો છે. રવિ કુમાર દહિયા પ્રથમવાર ઓલિમ્પિકમાં રમવા માટે ઉતર્યો હતો. તેણે ડેબ્યૂ ઓલિમ્પિકમાં સિલ્વર મેડલ જીતવાની સિદ્ધિ મેળવી છે. ફાઈનલમાં રવિનો ૭-૪થી પરાજય થયો છે. આરઓસીના ઝાવુર ઉગુએવે પ્રથમ રાઉન્ડમાં બે પોઈન્ટ હાસિલ કર્યા અને રવિ પર ૨-૦થી લીડ બનાવી હતી. ત્યારબાદ રવિએ વાપસી કરતા વિરોધી પાસેથી બે પોઈન્ટ મેળવી સ્કોર બરોબર કર્યો હતો.



રેસલિંગની ઈવેન્ટમાં ભારતને ઓલિમ્પિકમાં અત્યાર સુધી ૫ મેડલ મળ્યા છે. જેમાં એક સિલ્વર અને બ્રોન્ઝ છે. આ સાથે રવિ કુમાર ગોલ્ડ જીતી ભારતનો પ્રથમ રેસલર બની શકે છે. આ પહેલા કેડી જાધવ, સુશીલ કુમાર, યોગેશ્વર દત્ત, સાક્ષી મલિક ભારત માટે રેસલિંગ ઈવેન્ટમાં મેડલ જીતી ચુક્યા છે. રેસલિંગમાં રવિ કુમાર દહિયાએ ભારતને છઠ્ઠો મેડલ અપાવ્યો છે.

દિગ્ગજ રેસલર સુશીલ કુમાર બાદ રેસલિંગમાં સિલ્વર મેડલ જીતનારો રવિ દહિયા બીજો ભારતીય છે. સુશીલ કુમારે ૨૦૧૨ લંડન ઓલિમ્પિક્સમાં ૬૬ કિલો વર્ગમાં સિલ્વર મેડલ જીત્યો હતો. આ પહેલા સુશીલે ૨૦૦૮ બેઈજિંગ ઓલિમ્પિક્સમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. આમ સુશીલ રેસલિંગમાં બે મેડલ જીતનારો એકમાત્ર ભારતીય રેસલર અને ભારતીય અથ્લેટ છે.

## પંડિતોની જમીનો પર થયેલા કબજા છોડાવવાના પ્રયાસ

**જમ્મુ-કાશ્મીરમાં કલમ ૩૭૦ની નાબૂદીના બે વર્ષ પૂરા : કલમ ૩૭૦ નાબૂદીના કારણે તેમનામાં નવી આશાનું સિંચન, ઘરે પાછા ફરવા ઈચ્છતા પંડિતોની નોંધણી શરૂ**

જમ્મુ, તા.૫

પાકિસ્તાન પરસ્ત આતંકવાદનો ડંખ યાદ કરીને આજે પણ પોતાની માટીથી અલગ થયેલા કાશ્મીરી પંડિતો ધ્રુજી ઉઠે છે. ૩ દશકા બાદ પણ તેમને તે સમયની યાતનાઓ યાદ છે. પોતાના ભાઈ-બહેન, મા-બાપ અને દીકરીઓને ગુમાવવાનું દુખ તેમના ચહેરા પર સ્પષ્ટ ઝળકી આવે છે. પરંતુ કલમ ૩૭૦ નાબૂદીના કારણે તેમનામાં નવી આશાનું સિંચન થયું છે. તેમને આશા છે કે, તેઓ ફરી પોતાના ઘરે પાછા ફરી શકશે. ઘાટી ફરીથી પંડિતો વડે ગુલઝાર થઈ ઉઠશે. ફરીથી તેઓ મહાશિવરાત્રિ વખતે વિતસ્તા (જેલમ નદીનું પ્રાચીન નામ)ના કિનારે કર્મકાંડ કરી શકશે.

આ તરફ સરકારે પણ પંડિતોની ઘરવાપસીની દિશામાં ઝડપથી પ્રયત્નો શરૂ કરી દીધા છે. ઘરે પાછા ફરવા ઈચ્છતા પંડિતોની નોંધણી શરૂ કરી દેવામાં આવી છે. ટ્રાન્જિટ કેમ્પ માટે જમીનની પસંદગી કરી દેવાઈ છે. રોજગારી માટે પીએમ પેકેજ અંતર્ગત ભરતીઓ કરવામાં આવી રહી છે.

## ..તો પેગાસસ-જાસૂસી આરોપો ગંભીર બાબત ગણાય: સુપ્રિમ કોર્ટ

**સુપ્રિમ કોર્ટે તમામ અરજીઓની કોપી કેન્દ્ર સરકારને મોકલી : આ મામલે વધુ સુનાવણી ૧૦ ઓગસ્ટ મંગળવારે થશે, કપિલ સિબ્બલે સરકારને નોટિસ ફટકારવા માંગ કરી**

ન્યુ દિલ્હી,તા.૫

જે પેગાસસ જાસૂસી કાંડને લઈને મોટો હંગામો મચ્યો છે, આજે એ જ મામલે સુપ્રીમ કોર્ટમાં પહેલી વખત સુનાવણી થઈ. સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસે અપીલકર્તાઓની દલીલો સાંભળ્યા બાદ કહ્યું કે, જો રિપોર્ટ સાચા હોય તો તેમાં કોઈ શંકા નથી કે આરોપ ગંભીર છે. તો, કપિલ સિબ્બલે મામલાને ગંભીર જણાવતા સીજેઆઈને અપીલ કરી કે, કેન્દ્ર સરકારને નોટિસ જારી કરે. હવે આ મામલાની સુનાવણી ૧૦ ઓગસ્ટે થશે.

ઉલ્લેખનીય છે કે, સુપ્રીમ કોર્ટમાં પેગાસસ જાસૂસી મામલાને લઈને જુદી-જુદી અરજીઓ કરવામાં આવી છે અને આ અરજીઓમાં પેગાસસ જાસૂસી કાંડની કોર્ટની નજર હેઠળ એસઆઈટી તપાસ કરાવવા માગ કરાઈ છે. તેમાં નેતાઓ, એક્ટિવિસ્ટ, એડિટર્સ ગિલ્ડ ઓફ ઈન્ડિયા અને સીનિયર પત્રકારો એન. રામ અન શશિ કુમાર દ્વારા અપાયેલી અરજીઓ પણ સામેલ છે. જસ્ટિસ એન વી રમના અને જસ્ટિસ સૂર્યકાંતની બેન્ચ તેની સુનાવણી કરી રહી છે.

મામલામાં જાહેરહિતની અરજી કરનારા વકીલ એમ એલ શર્માએ સુનાવણી દરમિયાન કપિલ સિબ્બલને રોક્યા તો સીજેઆઈએ તેની સામે વાંધો ઉઠાવ્યો. સીજેઆઈ રમનાએ શર્માને કહ્યું કે, 'તમારી અરજીમાં ન્યૂઝ પેપરોના કટિંગ ઉપરાંત શું ડિટેલ

● અનુસંધાન પાન-૭ પ

## એમપીમાં ભારે વરસાદથી ૧૨૦૦ ગામ પ્રભાવિત

**ઉત્તર મધ્ય પ્રદેશમાં પૂરની સ્થિતિ ખૂબ જ ગંભીર**

ગ્વાલિયર, તા.૫

ઉત્તર મધ્ય પ્રદેશમાં પૂરની સ્થિતિ ખૂબ જ ગંભીર છે. ભારે વરસાદ બાદ ૧,૨૦૦ કરતા વધારે ગામ પૂરથી પ્રભાવિત થયા છે. ભારે વરસાદ બાદ ગ્વાલિયર-ચંબલ ક્ષેત્ર પૂરની લપેટમાં આવ્યા છે. મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે જણાવ્યું કે, પૂરની ગંભીર સ્થિતિને ધ્યાનમાં રાખીને કેટલાક જરૂરી પગલા ભરવામાં આવ્યા છે.

તેમણે જણાવ્યું કે, એનડીઆરએફ, એસડીઆરએફ, સેના અને બીએસએફની મદદથી ૨૪૦ ગામના ૫,૯૫૦ લોકોને બચાવી લેવામાં આવ્યા છે. ઉપરાંત અન્ય ૧,૯૫૦ લોકોને બચાવવા માટે પ્રયત્ન ચાલુ છે અને વાયુ સેનાના હેલિકોપ્ટર્સ દ્વારા બચાવ કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. મુખ્યમંત્રીએ જણાવ્યું કે, ક્વારી, સીપ, પાર્વતી નદીઓમાં પૂરના કારણે શ્યોપુરના ૩૦ ગામ પ્રભાવિત છે. અત્યાર સુધીમાં ૧,૦૦૦ લોકોને ત્યાંથી સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા છે. જ્યારે જ્વાલાપુર, ભેરાવાડા, મેવાડા, જાટખેડાના ગામોમાં ફસાયેલા ૧,૦૦૦ લોકોને બહાર કાઢવા અભિયાન ચાલી રહ્યું છે.

## પ્રશાંત કિશોરનું અમરિંદરના મુખ્ય સલાહકાર પદેથી રાજીનામું

ચંદિગઢ, તા.૫

ચૂંટણી રણનીતિકાર પ્રશાંત કિશોરે પંજાબના મુખ્યમંત્રી કેપ્ટન અમરિંદર સિંહના પ્રધાન સલાહકાર પદેથી રાજીનામુ આપી દીધું છે. પ્રશાંત કિશોરે કેપ્ટન અમરિંદરને પત્રમાં જણાવ્યું હતું કે, 'હું સાર્વજનિક જીવનમાં સક્રિય રાજકારણમાંથી કામચલાઉ બ્રેક ઈચ્છું છું. આ કારણે હું તમારા પ્રધાન સલાહકાર પદની જવાબદારી નહીં સંભાળી શકું. ભવિષ્યમાં મારે શું કરવું છે તે હજુ નક્કી કરવાનું બાકી છે. આ કારણે હું તમને વિનંતી કરૂ છું કે મને આ પદેથી મુક્ત કરી દેવામાં આવે. આ પદ માટે મારી પસંદગી કરવા બદલ આભાર. પંજાબમાં આગામી વર્ષે વિધાનસભા ચૂંટણી યોજાવાની અને તેવા સમયે પ્રશાંત કિશોરે રાજીનામુ આપી દીધું છે. કેપ્ટને માર્ચ મહિનામાં જ પીકેને પોતાના પ્રધાન સલાહકાર તરીકે નિયુક્ત કર્યા હતા. તેમણે ટ્વીટરના માધ્યમથી તેની જાણ કરી હતી. તેમણે લખ્યું હતું કે, પ્રશાંત કિશોરે મારા પ્રધાન સલાહકાર તરીકે જોઈન કર્યું છે. તેમના સાથે પંજાબના લોકોની સુધારણા માટે કામ કરીશું.

## સેન્સેક્સ ઓલ ટાઈમ હાઈ

**કુમાર મંગલમે હોદ્દો છોડતાં વીઆઈના શેરોમાં ગિરાવટ : ગુરૂવારે સેન્સેક્સના શેરોમાં આશરે ચાર ટકાની તેજી સાથે સર્વાધિક લાભ ભારતી એરટેલના શેરને થયો**


મુંબઈ, તા.૫

બીએસઈ સેન્સેક્સે ગુરુવારે ફરી એખ વખત ઓલ ટીમ હાઈ બનાવ્યો. સેન્સેક્સ ૫૪,૭૧૭.૨૪ પોઈન્ટનો હાઈ બનાવીને ૧૨૩ પોઈન્ટ ઉપર ૫૪,૪૯૨.૮૪ પોઈન્ટ પર બંધ થયો હતો. બુધવારે પણ સેન્સેક્સે ૫૪,૩૬૯ પોઈન્ટનું ઉચ્ચ સ્તર સ્પર્શ્યું હતું. ભારતી એરટેલના શેરોમાં સૌથી વધુ ૪.૩ ટકાનો ઊછાળો નોંધાયો હતો. એ પછી આઈટીસી ૩.૧૪ ટકા, ટેકકેમ ૨.૫૫ ટકા, ટાટા સ્ટીલ ૨.૧૫ ટકા ચઢ્યો હતો. નિફ્ટી પણ ૩૫ પોઈન્ટની તેજી સાથે ૧૬,૨૯૪ પોઈન્ટના નવા હાઈ પર બંધ થયો હતો. કારોબાર દરમિયાન નિફ્ટી ૫૦ ઈન્ડેક્સે ૧૬,૩૪૯.૬ પોઈન્ટનો ઓલ ટાઈમ હાઈ સ્તર સ્પર્શ્યો હતો. બજારના મોચા સમાચાર કુમાર મંગલમ બિરલાના બિન-કાર્યકારી અધ્યક્ષપદેથી હટી જવાની રહી. આનાથી ગુરુવારે વોડાફોન આઈડિયાના શેરોમાં ગિરાવટ જોવા મળી. બિરલાએ કંપનીને ચાલુ રાખવા માટે દેવામાં ડૂબેલી કંપનીને પોતાની હિસ્સેદારી સરકારી સંસ્થાઓને સોંપવાની રજૂઆત બાદ છેલ્લા ત્રમ દિવસોથી તેના શેરોમાં ગિરાવટ નોંધાઈ હતી.



સેન્સેક્સના શેરોમાં આશરે ચાર ટકાની તેજી સાથે સર્વાધિક લાભ ભારતી એરટેલના શેરને થયો. એ ઉપરાંત આઈટીસી, ટેક મહિન્દ્રા, ટાટા સ્ટીલ અને એચસીએલ ટેકમાં પણ સારી તેજી રહી. બીજી બાજુ ગિરાવટ વાળા શેરોમાં પણ ભારતીય સ્ટેટ બેંક, ઈન્ડસઈન્ડ બેંક, બજાજ ફાઈનાન્સ અને આઈસીઆઈસીઆઈ બેંક સામેલ છે. રિલાયન્સ સિક્યોરિટીસની રણનીતિ પ્રમુખ વિનોદ મોદીએ કહ્યું કે આઈટી અને ધાતુના શેરોમાં તેજીથી સ્થાનિક માનક સૂચકાંકોમાં મજબૂતી જળવાઈ રહી અને તે નવી ઊંચાઈ પર પહોંચી ગયા. આ ઉપરાંત દૈનિક ઉપયોગનો સામાન બનાવનારી કંપનીઓ (એફએમસીજી) અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીસના શેરોમાં તેજીથી બજારને સમર્થન મળ્યું હતું. તેમણે કહ્યું કે જોકે તેજી કોઈ ચારે બાજુથી રહી નહતી અને મધ્યમ અને નાની કંપનીઓના શેરોમાં નફા વસૂલાત જોવા મળી. બન્ને સૂચકાંકો (મિડ કેપ અને સ્મોલ કેપ)માં સતત ત્રીજા દિવસે ગિરાવટ રહી.

ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.
મધુર ડેરી, 'ક' રોડ, જી.આઈ.ડી.સી. એસ્ટેટ, સેક્ટર-૨૫, ગાંધીનગર



રોજગાર મેળાવડો-૨૦૨૧

અમારે મધુર ડેરીના આંગણે સરકારમાં વિજયભાઈ રૂપાણીને પુરા થતાં પાંચ વર્ષના વહીવટના ભાગરૂપે તા. ૬/૮/૨૦૨૧ને શુક્રવારના રોજ સવારે ૧૦-૦૦ કલાકે 'રોજગાર દિવસ' નિમિત્તે અત્રેની સંસ્થાઓ રોજગાર મેળાવડો-૨૦૨૧નું આયોજન કરેલ છે. તેમાં આપશ્રીને ભાવભીનું આમંત્રણ છે.

સમારંભ અધ્યક્ષ
શ્રી હર્ષદભાઈ પટેલ
(પ્રભારીશ્રી, ગાંધીનગર)

મુખ્ય મહેમાન
શ્રી શંભુજી ઠાકોર
(ધારાસભ્યશ્રી ગાંધીનગર-દક્ષિણ)

ખાસ આમંત્રિત
શ્રી અનિલભાઈ પટેલ.
(પ્રમુખશ્રી, જિલ્લા ભાજપ)
શ્રી રૂચિરભાઈ ભટ્ટ
(પ્રમુખશ્રી, શહેર ભાજપ)

સ્થળ
ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.
પ્લોટ નં. ઈ/૧-૧, ટાટા ચોકડી, સેક્ટર-૨૬, ગાંધીનગર